# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

==============================================================

અખબારી યાદી તા. ૨૦-૦૬-૨૦૨૨

- **ભાજપ સરકાર બનાસકાંઠા વિસ્તારને 'નપાણીયો' કરવાની જાણે નેમ લીધી હોય તેમ વર્તી રહી છે**
- **જળવિતરણ અને જળ વ્યવસ્થાપનમાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ**
- **વડગામ સહિત બનાસકાંઠા વિસ્તારને પાણી આપવામાં નહીં આવે તો જળ આંદોલન કરાશે.**

ઉતર ગુજરાતનાં બનાસકાંઠા વિસ્તારમાં જળસંકટથી મુશ્કેલીમાં મુકાયેલા લાખો નાગરિકોની રજુઆત સાથે ભાજપની જનતા વિરોધી માનસિકતા પર આકરા પ્રહાર કરતા વડગામનાં ધારાસભ્યશ્રી જીજ્ઞેશ મેવાણીએ જણાવ્યું હતું કે, ભારત સરકારના નીતિ આયોગ રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૪૦માં ગુજરાતમાં પીવાના પાણીનો ગંભીર સમસ્યા થશે. ઉત્તર ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં ભૂગર્ભજળ ખૂટી ગયું છે. છેલ્લા ૨૭ વર્ષથી વડગામ વિસ્તારના લોકો પાણી માટે હાથ જોડીને આજીજી કરી, વડગામમાં આવેલ કરમાવત તળાવમાં પાણી ભરવા માટે અનેક આંદોલન કરવામાં આવ્યા, વિધાનસભાના પટલ પર અને મુખ્યમંત્રીશ્રીથી સચિવ સુધી દરેક જગ્યાએ વારંવાર રજૂઆત કરી તેમ છતાં ભાજપ સરકાર બનાસકાંઠા વિસ્તારને 'નપાણીયો' કરવાની જાણે નેમ લીધી હોય તેમ વર્તી રહી છે. વડગામનાં સ્થાનિક અને સંનિષ્ઠ સામાજિક અગ્રણી એવા શ્રી લાલજીભાઈ ચૌધરી દ્વારા પણ નર્મદાના પાણી વડગામ સહિતના બનાસકાંઠાનાં તમામ વિસ્તારમાં મળે એ માટેના આંદોલનનો પાયો નાખવામાં આવ્યો. વડગામની ૫૦ હજારથી વધુ બહેનોએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈને પોસ્ટકાર્ડ લખીને પાણી માંગ કરી રહી છે સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં લોકો પાણીની માંગણી અંગે મગનું નામ મરી પાડી રહી નથી. જનતાનાં અવાજ અને માંગણીને નજરઅંદાજ કરતી ભાજપ સરકારને આવતીકાલે મુખ્યમંત્રીશ્રીને અલ્ટિમેટમ આપવામાં આવશે અને જો વડગામ સહિત બનાસકાંઠા વિસ્તારને પાણી આપવામાં નહીં આવે તો સ્થાનિક આગેવાનો, સામાજિક અગ્રણીઓ, બનાસકાંઠાનાં તમામ ધારાસભ્યશ્રીઓ સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસ પક્ષનાં કાર્યકરો રસ્તા ઉપર ઉતરી ઉગ્ર રજુઆત સાથે જળ આંદોલન કરશે. બનાસકાંઠામાં સંપૂર્ણ પણે ભૂગર્ભજળ ઉલેચાઈ ગયા છે. ૧૫૦૦ થી ૨૦૦૦ ફુટ સુધી ઉંડા તળ ઉતરી ગયા છે. વારંવારની સ્થાનિક નાગરિકોની રજુઆત છતાં સરકારના પેટનું પાણી હલતુ નથી.

જળસંકટ મુદ્દે ગુજરાત સરકારનાં પાણી પુરવઠા મંત્રી, વિભાગનાં સચિવ કે સંબંધિત વિભાગનાં અધિકારીએ જવાબ આપવાની જગ્યાએ ભાજપનાં પ્રદેશ અધ્યક્ષ સી આર પાટિલ આ મુદ્દે નિવેદન આપી રહ્યા છે ત્યારે જનતા જાણવા માંગે છે કે, શ્રી સી આર પાટિલે ના રાજ્યના મંત્રીશ્રી છે ? ધારાસભ્યશ્રી છે ? વડગામ અને બનાસકાંઠાની જનતા માટે પાણી માંગે છે ત્યારે ભાજપા સરકાર ૨૭ વર્ષથી શા માટે પ્રજાના પાણીના પોકાર અંગે ઓરમાયું વર્તન કરી રહી છે. જળવિતરણ અને જળ વ્યવસ્થાપનમાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ ગઈ છે. સુજલામ સુફલામના જળસંચયના નામે કરોડો રૂપિયાની માટી સગેવગે કરવાનું સુનિયોજીત કૌભાંડ ભાજપ સરકારમાં ચાલી રહ્યું છે. ૧૦,૦૦૦ કરોડના સફેદ પાણીનો કાળો કારોબાર ભાજપના મળતિયાઓ કરી રહ્યાં છે. મનરેગામાં મોટા પાયે ભ્રષ્ટાચાર ભાજપની ઓળખ બની છે.

ગુજરાતનાં જુદા જુદા વિસ્તારમાં ચાલી રહેલા જળસંકટ અને વડગામમાં નર્મદા નહેરને આગળ વધારી કરમાવત તળાવમાં પાણી આપવા માટે યોજના અમલમાં લાવવા વિધાનસભાનું એક દિવસનું વિશેષ સત્ર બોલાવવામાં આવે તેવી વડગામના ધારાસભ્યશ્રી જીજ્ઞેશ મેવાણી અને કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

( ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવકતા